જાનં –યુવા મતદાર મહોત્સવ-૨૦૧૭/ 7591
જિલ્લાશિક્ષણાધિકારી કચેરી,કારેલીબાગ
વડોદરા.
તારીખ:-૦૮/૦૯/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાંન્ટેડ/નોન ગ્રાંન્ટેડ માધ્યમિક/ઉ.મા. તમામ શાળાઓ.

વિષય:-યુવા મતદાર મહોત્સવ-૨૦૧૭ અંતર્ગત સ્પર્ધા યોજવા બાબત.

મહાશય,

સવિનય જણાવવાનું કે વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ની સૂચના અનુસાર મતદાર જાગ્રુતિ અને કેળવણી અભિયાન અંતર્ગત દર વર્ષે યુવા મતદાર મહોત્સવ્નું આયોજન કરવાનું રહે છે.ચાલુ વર્ષે ચૂંટણી પંચ નવી દિલ્હીએ વર્ષ-૨૦૧૭ ને "Empowering Yong and Future Voters"વર્ષ તરીકે જાહેર કરેલ છે.

ચૂંટણી પંચે જાહેર કરેલ વિષય વસ્તુ અનુસાર વિવિધ સ્પર્ધાઓ શાળા કક્ષાએ યોજવાની છે.શાળા કક્ષાએ યોજેલ હરીફાઇના પ્રથમ અને દ્વીતિય વિજેતાના નામ તથા કૃતિઓ અત્રે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે તારીખ ૧૮/૦૯/૨૦૧૭ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકથી ૧૬.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીના શ્રી ડી પી દોશી (મ.શિ.નિ.)ને જરૂરી ફોર્મ ભરીને વિગતો સાથે રૂબરૂ જમા કરાવવાનું રહેશે.

વિવિધ સ્પર્ધાઓ યોજવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ તથા સ્પર્ધમાં ભાગ લેવાનું પ્રવેશપત્ર આ સાથે સામેલ રાખેલ છે.દરેક શાળાના આચાર્યશ્રીઓએ પોતાની શાળાના વધુમાં વધુ વિધ્યાર્થીઓ ભાગ લે તેવા પ્રયત્નો કરવા.

જિલ્લાશિક્ષણાધિકારી
વડોદરા

બિડાણ:- માર્ગદર્શક સૂચના

Scanned by CamScanner

ELECTION
IMMEDIATE

Phone 079-23256731
079-23250456
Fax No : 079-23250324
079-23250319

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE

**General Administration Department (Election Division)**

Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ઇએલસી-૧૦૨૦૧૭-૮૮૭-છ (SVEEP) તા.૦૫/૦૮/૨૦૧૭

પ્રતિ,

કલેક્ટર અને જિલ્લા ચુંટણી અધિકારીશ્રી(સર્વે)

વિષય : 'યુવા મતદાર મહોત્સવ-૨૦૧૭' ની ઉજવણી કરવા બાબત.

શ્રીમાન,

ચુંટણી પચની સ્થાયી સુચના અનુસાર મતદાર જાગૃતિ અને કેળવણી અભિયાન(SVEEP) અંતર્ગત દર વર્ષે યુવા મતદાર મહોત્સવનું આયોજન કરવાનું રહે છે. ચુંટણી પંચ,નવી દિલ્હીએ વર્ષ-૨૦૧૭ ને **'Empowering Young and Future Voters'** (યુવા અને ભાવિ મતદારોનું સશક્તિકરણ) વર્ષ તરીકે જાહેર કરેલ છે આ પરિપ્રેક્ષ્યમાં "યુવા મતદાર મહોત્સવ,૨૦૧૭"નું તા.૦૮-૦૮-૨૦૧૭ થી તા.30-૦૯-૨૦૧૭ દરમિયાન આયોજન કરવામાં આવેલ છે.

ચુંટણી પંચે જાહેર કરેલ વિષયવસ્તુ અનુસાર નીચે મુજબની સ્પર્ધાઓનો આ મહોત્સવમાં સમાવેશ કરવામાં આવેલ છે.

(૧) પોસ્ટર/મેસ્કોટડિઝાઇન-લોકકળા આધારિત

(૨) કાર્ટૂન-ઇન્ફોગ્રાફિક્સ(ડીજીટલ)

(૩) નાટકની સ્ક્રીપ્ટ

આ સ્પર્ધા માટેની માર્ગદર્શક સુચનાઓ તથા કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ રાખેલ છે.તદનુસાર યુવા મતદાર મહોત્સવ,૨૦૧૭ રાજ્યની દરેક માધ્યમિક અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં યોજવામાં આવે. તેમજ સામાન્ય મતદાર પણ આ સ્પર્ધામાં ભાગ લઇ શકે તે માટે સઘન પ્રચાર પ્રસાર કરવામાં આવે તે મુજબનું આયોજન કરવા વિનંતિ છે.

યુવા મતદાર મહોત્સવ,૨૦૧૭માં યુવા મતદારો/મહિલાઓની ચુંટણી પ્રક્રીયામાં ગુણવત્તાયુક્ત ભાગીદારી વધે તે બાબતને કેન્દ્રસ્થ રાખી આયોજન કરવાનું હોઇ, આપના જિલ્લામાં નિયુક્ત થયેલ કેમ્પસ એમ્બેસેડરને આ ઇવેન્ટમાં ઘનિષ્ટ રીતે સાંકળી લેવામાં આવે તે મુજબનું આયોજન હાથ ધરવું.

- આપના જિલ્લાની દરેક શૈક્ષણિક સંસ્થાઓ કે જ્યાં યુવા મતદાર મહોત્સવ,૨૦૧૭ અંતર્ગત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે,તેમના તરફથી અરજીપત્રો કૃતિ સાથે નિયત કરેલ તારીખે

Scanned by CamScanner

કલેક્ટર અને જિલ્લા ચુંટણી અધિકારીની કચેરીમાં રજુ થાય તે મુજબ સુચના આપવા તથા વ્યવસ્થા ગોઠવવી.

- આપના જિલ્લાની દરેક માધ્યમિક/ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પોસ્ટર/બેનર મૂકવા, સ્થાનિક વર્તમાન પત્રોમાં જાહેરાત આપવી, કેબલ નેટવર્ક પર સ્ક્રોલીગ મેસેજીસ તથા એફ.એમ.ચેનલ મારફત આ કાર્યક્રમનો વિશાળ પ્રામાણમાં પ્રચાર પસાર થાય તે મુજબ નું આયોજન કરવા તથા દરેક સંસ્થાઓને આ હેતુ માટે નિયુક્તિ કરવામાં આવેલ સક્ષમ અધિકારીનું નામ તથા સંપર્ક નંબરની વિગતો પણ પુરી પાડવી.
- આ સ્પર્ધામાં ભાગ લેવા માટેનું અદ્યતન અરજીપત્રક આ સાથે સામેલ રાખેલ છે,જે આપના પત્ર સાથે દરેક સંસ્થા/કચેરીને મોકલી આપવાનું રહેશે.
- શૈક્ષણિક સંસ્થાઓમાં આવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ હોય,તેવી ઇવેન્ટના બે થી ત્રણ ડીજીટાઇઝડ ફોટોગ્રાફ સંસ્થા પાસેથી અચુક મેળવવાના રહેશે.

ઉપર મુજબની જીલ્લા કક્ષાએ થયેલ સમગ્ર કામગીરીની વિગતો આ સાથેના પત્રકમાં મોડામાં મોડા તા.૨૧/૧૧/૨૦૧૭ સુધીમાં આ ક્ચેરીમાં અચુક મળીજાય તે રીતે મોક્લી આપવા વિનંતિ. આ માહિતી અંગ્રેજીમાં Excel Format માંજ મોકલવામાં આવે તેની ખાસ તકેદારી રાખવી.(pdf format માં રજુ કરેલ વિગતો ધ્યાને લેવામાં આવશે નહી.) વધુમાં આ સાથે સામેલ પત્રકના ફોર્મેટમાં જ માહિતી રજુ કરવી તેમાં આપની કક્ષાએ કોઇ વધારાની માહિતી રજુ કરવાની નથી.

આપનો વિશ્વાસુ,

(એલ.પી.પાડલીઆ)
અધિક મુખ્ય નિર્વાચન ધિકારી
ગુજરાત.

નકલ રવાના :-

- યુથ ઓફિસરશ્રી,એન.એસ.એસ.,અમદાવાદ.
- સ્ટેટ કો-ઓર્ડિનેટર,એન.સી.સી.,અમદાવાદ
- ઝોનલ ડાયરેકટર,નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન,ગુજરાત પંચાયત પરિષદ ભવન,સેક્ટર-૧૭,ગાંધીનગર.

૨. આ સાથે રાખેલ જીલ્લાના નાયબ જીલ્લા ચુંટણી અધિકારીશ્રીઓના નામ અને સંપર્ક નંબરની યાદી સામેલ રાખેલ છે.આ કાર્યક્રમ સંબધી કોઇપણ પૃચ્છા આ નંબર પર કરી શકાશે.વધુમાં આ કાર્યક્રમને અનુલક્ષીને આપની કક્ષાએથી બહોળી પ્રસિધ્ધિ કરવા તથા સંસ્થાના સ્વયંસેવકોને પણઆ કાર્યક્રમ માટે પ્રોત્સાહિત કરીજિલ્લા ચુંટણી તંત્રને આ કામગીરીમાં સંપુર્ણ સહકાર આપવા વિનંતિ છે.

Scanned by CamScanner